**સુરત મહાનગરપાલિકાની તા.૨૫–૭–૨૦૧૮ ના રોજ મળેલ**
**માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–**
*** * * * * * ***

મ્યુ.સેક્રેટરીશ્રીના તા.૧૨–૭–૨૦૧૮ ના પત્ર નં.એમ.એસ.સી./૧૦૪ થી વિદિત થઈ, તેમાં જણાવ્યા મુજબ, સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા ઠરાવ ક્રમાંક : ૧૮૨/૯૬, તા.૨૯–૩–૯૬ થી ઘડવામાં આવેલ વ્યાખ્યાનમાળાના નિયમો–૧૯૯૬ ના નિયમ–૭ અન્વયે સુરત મહાનગરપાલિકાના મેયરશ્રીના અધ્યક્ષપણા હેઠળ **"સુરત મહાનગરપાલિકા વ્યાખ્યાનમાળા સમિતિ"** નામની સમિતિમાં દર વર્ષે નિયુકતી કરવામાં આવતી હતી પરંતુ પંચાયતો, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૧–૮–૨૦૧૫ ના નોટીફીકેશન NO. KP/34 OF 2015/ GPA/102013/ 893104/(PART-1)G ને ધ્યાને લઈ, સુરત મહાનગરપાલિકાની ખાસ સમિતિઓની અઢી વર્ષની મુદત મુકરર કરવામાં આવેલ હોઈ, સુરત મહાનગરપાલિકામાં એકરાગીતા જળવાઈ રહે તે હેતુથી "સુરત મહાનગરપાલિકા વ્યાખ્યાનમાળા સમિતિ" માં બીજા અઢી વર્ષ અથવા આ બોર્ડની મુદત પુરી થાય ત્યાં સુધીની મુદત માટે નીચે જણાવેલ સભ્યોની નિમણૂંક કરવાનું અને સા.સ.ઠ.નં.૧૮૨/૯૬ ના નિયમ–૭ માં એક વર્ષને બદલે અઢી વર્ષ કરવા અંગેનો આંશિક સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. માનનીય મેયરશ્રી – અધ્યક્ષશ્રી
૨. માનનીય ડેપ્યુટી મેયરશ્રી
૩. અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ
૪. શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા
૫. શ્રીમતી ઉષાબેન મહેશભાઈ પટેલ
૬. શ્રીમતી સુધા મુકેશ નાહતા
૭. શ્રી કનુભાઈ મગનભાઈ જોષી
૮. શ્રી મનોજભાઈ મિસ્ત્રી
૯. શ્રી ભૂપેન્દ્રભાઈ મેઘજીભાઈ સોલંકી

**ઠરાવ નં.૨૭૦/૨૦૧૮ સર્વાનુમતે મંજુર.**

=====================================

**પ્રો.રા. વ્યાખ્યાનમાળા સમિતિ,**

**સેક્રેટરી,**
**સુરત મહાનગરપાલિકા,**
**તા.૨૫–૭–૨૦૧૮.**

નકલ સાદર રવાના :મા.મેયરશ્રી / મા.ડે.મેયરશ્રી / અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ પ્રતિ,
નકલ સાદર રવાના :સભ્ય શ્રી પ્રતિ,
નકલ સવિનય રવાના :મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,
નકલ રવાના :જનસંપર્ક અધિકારીશ્રી પ્રતિ,
નકલ રવાના :એકઝીકયુટીવ આસીસ્ટન્ટશ્રી, આઈ.એસ.ડી.

*Jariwala Mukesh*